# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) લોકસભામાં આજે જાહેર પરીક્ષા સુધારા બિલ 2026 પર ચર્ચા ફરી શરૂ કરાશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાવિ કાર્યસૂચિની સમીક્ષા અંગે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી.

3) આસામ પૂરમાં મૃત્યુઆંક વધીને 75 થયો - મૃતકોના વારસદારોને ચાર લાખની સહાયની જાહેરાત.

4) સુરક્ષા દળોએ ઝારખંડમાં એક કરોડના ઈનામી માઓવાદીની ધરપકડ કરી.

5) RBIએ પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડને બંધ કરી.

6) કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની 10 હજાર મીટર દોડ સ્પર્ધામાં ગુલવીર સિંહ રજત ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# LS EXAM BILL

લોકસભામાં આજે જાહેર પરીક્ષા સુધારા બિલ, 2026 પર ચર્ચા ફરી શરૂ કરાશે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન કેન્દ્રીયમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે ગઈકાલે ગૃહમાં આ બિલ વિચારણા અને પસાર કરવા માટે રજૂ કર્યું હતું.

આ બિલ જાહેર પરીક્ષાઓમાં અન્યાયી માધ્યમો નિવારણ અધિનિયમ, 2024માં સુધારો કરવાનો પ્રયાસ કરે છે. આ બિલમાં ઘણી મહત્વપૂર્ણ જોગવાઈઓ છે, જેમાં 10 વર્ષ સુધીની કેદ, 10 કરોડ રૂપિયા સુધીનો દંડ અને ગુનેગારોની મિલકત જપ્ત કરવા જેવી કડક સજાનો સમાવેશ થાય છે. ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે, પેપર લીકના કેસોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે, બિલમાં દરેક રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશમાં દૈનિક સુનાવણી માટે ખાસ ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવાની જોગવાઈ છે.

## BYTE: DR. JITENDRA SINGH

ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના ગૌરવ ગાગોઈએ આરોપ લગાવ્યો કે. સરકાર શિક્ષણ ક્ષેત્ર પ્રત્યે ગંભીર નથી અને તેનો વાસ્તવિક સુધારા લાવવાનો કોઈ ઇરાદો નથી.

## BYTE: GAURAV GAGAI

# PM- MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે તેમના નિવાસસ્થાને સચિવ સ્તરની બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીએ નાણાં અને અર્થતંત્ર, વાણિજ્ય અને ઉદ્યોગ અને ટેકનોલોજી સંબંધિત મંત્રાલયો અને વિભાગોના ભાવિ કાર્યસૂચિની સમીક્ષા કરી હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વિકસિત ભારતના લક્ષ્યો તરફના પ્રયાસોને વેગ આપવાનો હતો.

બેઠક દરમિયાન, શ્રી મોદીએ મંત્રાલયો અને વિભાગોને એકતાની ભાવના સાથે કામ કરવા અપીલ કરી. નાગરિક-કેન્દ્રિત શાસનના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતના લોકો શાસનના કેન્દ્રમાં રહેવા જોઈએ. તેમણે યાદ અપાવ્યું કે દરેક નિર્ણય અને નીતિ સામાન્ય નાગરિકના હિતો અને આકાંક્ષાઓ સાથે સુસંગત હોવી જોઈએ.

શ્રી મોદીએ કહ્યું કે ટેકનોલોજીના વધતા ઉપયોગ સાથે, સાયબર સુરક્ષા માટે ડિજિટલ સિસ્ટમ્સ અને માળખાગત સુવિધાઓનું રક્ષણ કરવા માટે પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે ઉભરતા સાયબર જોખમો સામે સતત સતર્ક રહેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

# INDIA-SEAFARERS

ભારત વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા નાવિકોના આપૂર્તિ કરનાર દેશ તરીકે ઉભરી આવ્યું છે, જેણે વૈશ્વિક શિપિંગ ઉદ્યોગમાં 3 લાખ 11 હજાર 936 દરિયાઈ વ્યાવસાયિકોનું યોગદાન આપ્યું છે.

BIMCO-ICS સીફેરર વર્કફોર્સ રિપોર્ટ 2026 મુજબ, ભારત હવે વૈશ્વિક દરિયાઈ કાર્યબળમાં 12.16 ટકા હિસ્સો ધરાવે છે. ફિલિપાઇન્સ આ યાદીમાં પ્રથમ ક્રમે છે, જ્યારે ભારતે ચીન, રશિયા અને ઇન્ડોનેશિયાને પાછળ છોડી દીધું છે.

અહેવાલ મુજબ 2015માં, ભારત વૈશ્વિક સ્તરે પાંચમા ક્રમે હતું, જેનો હિસ્સો ફક્ત 5.2 ટકા હતો. હવે, ભારતે દરિયાઈ માનવ સંસાધનોના ક્ષેત્રમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

# ASSAM FLOOD

આસામમાં પૂરથી મૃત્યુ પામેલા લોકોની સત્તાવાર સંખ્યા 75 થઈ ગઈ છે. ગઈકાલે શિવસાગર જિલ્લામાંથી વધુ સાત લોકોના મોત થયાના અહેવાલ છે. ઉપલા આસામના અસરગ્રસ્ત જિલ્લાઓમાં પૂરની સ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે, અને મોટાભાગના વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસરતા જાય છે. મોટાભાગના પૂરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી સહિતની આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા શર્માએ પૂર સંબંધિત ઘટનાઓમાં મૃત્યુ પામનારના પરિવારજનો માટે ચાર લાખની સહાયની જાહેરાત કરી છે. એક લાખથી વધુ ગંભીર પૂરગ્રસ્ત પરિવારોને તેમની તાત્કાલિક આવશ્યક જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રતિ પરિવાર 15 હજાર રૂપિયા આપવામાં આવશે.

# JHARKHAND ANTI-NAXAL OPERATION

ઝારખંડમાં સુરક્ષા દળોએ તેમના નક્સલ વિરોધી ઓપરેશનમાં મોટી સફળતા મેળવી છે. મુખ્ય માઓવાદી નેતા અને પોલિટબ્યુરો સભ્ય મિસિર બેસરાની ધનબાદ-ગિરિડીહ સરહદ પર ધરપકડ કરવામાં આવી હતી. તેના પર એક કરોડનું ઇનામ હતું.

સંયુક્ત ઓપરેશન દરમિયાન પ્રાદેશિક સમિતિના સભ્ય મેહનાત ઉર્ફે મોચુ, માઓવાદી કાર્યકર ગૌરવ અને બે ગ્રામજનોની પણ ધરપકડ કરવામાં આવી હતી. મોચુ પર 15 લાખનું ઇનામ હતું.

# HM CONSTABLES RECRUITMENT

ગૃહ મંત્રાલયે સશસ્ત્ર સીમા દળમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) ની ભરતી માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો હેઠળ, વાર્ષિક ભરતી પ્રક્રિયામાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) ની 50 ટકા જગ્યાઓ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખવામાં આવશે. આ નવા નિયમો 27 જુલાઈથી અમલમાં આવ્યા છે.

નવા નિયમો લાગુ થતાં, 2011 ના જૂના ભરતી નિયમો હવે લાગુ રહેશે નહીં. સૂચના અનુસાર, ભૂતપૂર્વ અગ્નિવીરોને લેખિત પરીક્ષા, શારીરિક ધોરણ પરીક્ષણ અને શારીરિક કાર્યક્ષમતા પરીક્ષણમાંથી મુક્તિ આપવામાં આવશે.

ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત જગ્યાઓ માટે ભરતી બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં અનામત જગ્યાઓમાંથી 50 ટકા જગ્યાઓ ભરવામાં આવશે અને બીજા તબક્કામાં બાકીની ખાલી જગ્યાઓ માટે ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષા હશે. પ્રથમ અગ્નિવીર બેચના ઉમેદવારોને મહત્તમ વય મર્યાદામાં પાંચ વર્ષની છૂટ આપવામાં આવશે, અને પછીની બેચના ઉમેદવારોને મહત્તમ વય મર્યાદામાં ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RBI-PAYTM PAYMENTS BANK

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડને બંધ કરવાની જાહેરાત કરી છે અને SBI ના ભૂતપૂર્વ ચીફ જનરલ મેનેજર ગિરીકુમાર નાયરને સત્તાવાર લિક્વિડેટર તરીકે નિયુક્ત કર્યા છે.

RBIએ જણાવ્યું હતું કે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ 1949 અને કંપની એક્ટ, 2013ની જોગવાઈઓ અનુસાર બેંકને બંધ કરવાની મંજૂરી આપતા દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

RBI એ બેંકના કાર્યપ્રણાલી પર ઉલ્લંઘન અને ચિંતાઓનો ઉલ્લેખ કરીને પેટીએમ પેમેન્ટ્સ બેંકનું બેંકિંગ લાઇસન્સ રદ કરવાની જાહેરાત કરી હતી. RBI એ અગાઉ સ્પષ્ટતા કરી હતી કે બંધ થવાની પ્રક્રિયા છતાં, પેટીએમ પેમેન્ટ્સ બેંક પાસે તેના તમામ થાપણદારોની જવાબદારીઓ પૂરી કરવા માટે પૂરતું ભંડોળ છે.

# POK

એમ્નેસ્ટી ઇન્ટરનેશનલે પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં પ્રદર્શનકારીઓ સામે પાકિસ્તાની સૈન્ય દ્વારા ઘાતક બળનો ઉપયોગ કરવાના અહેવાલોની સ્વતંત્ર અને પારદર્શક તપાસની હાકલ કરી છે. તેણે પાકિસ્તાની અધિકારીઓને સંદેશાવ્યવહાર પુનઃસ્થાપિત કરવા અને મીડિયા અને સ્વતંત્ર નિરીક્ષકોને પ્રદેશમાં પ્રવેશ આપવા વિનંતી પણ કરી છે.

એક નિવેદનમાં, એમ્નેસ્ટી ઇન્ટરનેશનલના દક્ષિણ એશિયા માટેના કાર્યકારી પ્રાદેશિક નિર્દેશક ઇસાબેલ લેસીએ પ્રાદેશિક ચૂંટણીના પહેલા દિવસે રાવલકોટમાં પ્રદર્શનકારીઓ સામે સુરક્ષા દળો દ્વારા ઘાતક બળના ઉપયોગ પર પ્રતિક્રિયા આપી હતી.

એમ્નેસ્ટીએ જમ્મુ અને કાશ્મીર સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ (JAAC) પર લાદવામાં આવેલા પ્રતિબંધ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આ પગલાથી ચૂંટણીને લગતા તણાવમાં વધારો થયો છે.

# TRUMP MEETING

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી અને ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કરી હતી.

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને પ્રધાનમંત્રી નેતન્યાહૂ સાથે વાતચીત કરી છે અને ચર્ચાઓ સકારાત્મક રહી છે. ઈરાન સામે સંયુક્ત યુદ્ધ શરૂ કર્યા પછી નેતન્યાહૂ અને ટ્રમ્પ વચ્ચે આ પહેલી મુલાકાત હતી.

# BCCI INDIAN TEAM

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ગઈકાલે શ્રીલંકા સામે આગામી મહિનાની 15મી તારીખથી શરૂ થનારી બે મેચની ટેસ્ટ શ્રેણી માટે 15 સભ્યોની ટીમની જાહેરાત કરી હતી.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.......

**VOICE CAST: ARJUN**

# COMMONWEALTH GAMES ALL

ભારતીય ખેલાડીઓએ 2026 કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કર્યું, અનેક ચંદ્રક જીત્યા. વેઇટલિફ્ટર હરજિંદર કૌર અને લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહે રજત ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું.

દરમિયાન, એશિયન ગેમ્સના કાંસ્ય ચંદ્રક વિજેતા ગુલવીર સિંહે પુરુષોની 10,000 મીટર દોડમાં ઐતિહાસિક રજત ચંદ્રક જીત્યો, જે કોમનવેલ્થ ગેમ્સમાં આ ઇવેન્ટમાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે. બોક્સિંગમાં, ત્રણ ભારતીય ખેલાડીઓએ સેમિફાઇનલમાં પહોંચીને કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. પ્રિયા ઘંઘાસ, પ્રીતિ પવાર અને જદુમણી સિંહે અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ એન્ટી પેપર લીક બિલ પર લોકસભામા થયેલ હોબાળો અને વિદ્યાર્થી પ્રદર્શનથી જોડાયેલા મામલામા સુપ્રિમ કોર્ટે સગીર દેખાવનાર છાત્રોને તત્કાળ છોડવાના આદેશના સમાચારની હેડલાઈન બનાવી છે..
- દિવ્યભાસ્કર પ્રથમ પાના પર લખે છેકે સુપ્રીમ કોર્ટનો આદેશ- નિર્દોષ વિદ્યાર્થીઓ મુક્ત થાય- રાજ્યોને FIR પર તપાસની છૂટ.... દેશમા દર 4 માંથી એક નવો કોમર્શિયલ પાયલટ મહિલા....પશ્ચિમ બંગાળનો મોટો નિર્ણય પોલીસની ઈમેજ સુધારવા તાલીમ માટે કર્મીઓને ગુજરાત મોકલશે...
- ગુજરાત સમાચારની હેડલાઈન છે શિક્ષણમંત્રી પ્રહલાદ જોષી મુદ્દે લોકસભામાં હોબાળો.. જેન-ઝી પર લાઠીચાર્જની સુપ્રીમ તપાસ કરાવશે,, સગીરોને છોડી મુકવા આદેશ...